સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સીમા શાંતિ ભંગ કરવાની છૂટ રહેશે!
ને આતંકીઓ ઘૂસાડવાની છૂટ રહેશે!
જાસૂસો, ડ્રગ-નકલી નોટો ઘૂસાડવાની ને -
માછીમારોનાં અપહરણની છૂટ રહેશે..
(કરો સમજુતિ - જય શંકર!!)

હાઈકુ

જીત જામની,
છલકાય છે આશા -
વર્લ્ડ 'કપ'માં..

મટતી નથી
ફાટફટની ખાંસી -
અરવિંદને...
(આપ, દવાખાને દાખલ)

ચિંતન

દંતા વિશ્વથદન્તા કેશાઃ કાશપ્રસૂન સંકાશાઃ । નયનં તમા સામયનં તથાપિ ચિત્તં ધનાંગનાયત્તમ્ ॥

દાંત મૂળમાંથી હલબલી ગયા છે માથાના વાળ સફેદ ફલના ખેતર જેવા થઇ ગયા છે, આંખે વારંવાર અંધારા આવે છે ઝાંખપ આવી ગઇ છે, છતાં પણ ચિત્ત-મન તો ધન-સમૃદ્ધિ રૂપી સ્ત્રીમાં જ મોહિત છે; ધનને જ વળગેલું છે.

ઇશ્વરે આપણા શરીરનું બંધારણ જ એ પ્રમાણે ઘડ્યું છે કે જેમ જેમ પ્રૌઢ-વૃદ્ધાવસ્થા તરફ ગતિ કરે કે તેને ઇશ્વરી સંકેત મળે કે તું હવે 'વૃદ્ધ' થઇ રહ્યો છે તેથી 'સ્વાદ' વૃત્તિનો ધીમે ધીમે ત્યાગ કર - ધીમે ધીમે વાળ ધોળા થાય છે. આંખે મોતિયા પછી નજર ઝાંખી થાય - હવે ન જોવાનું ન જૂઓ. દાંત હલબલવા લાગે છે ન ખાવાનું, ન પચે તેવું - ન ખાવ માત્ર પેય વસ્તુ પર વધારે આધાર રાખો.

દુનિયા અને ઘરનાં આપણા વિશે કે બીજી સંસારી-નકામી વાતો જે સાંભળવા જેવી નથી હોતી તે ન સાંભળો - એટલે બહેરાશ મોકલે છે.

આમ છતાં ઇશ્વરી ઇચ્છા વિરુદ્ધ થઇ ધન કમાવા અને ભૌતિક સુખ માટે માણસ વાળ કાળા કરે, મોઢે ચોકઠાં બેસાડે - કામનાં મશીન ભરાવે ચશ્માના ડાબલા પહેરે પણ મોહ જતો કરી શકતા નથી.

મનને ધીમે ધીમે સંસારી સુખો-મોહ-મોજશોખમાંથી ખેંચી, બધુ છોડતાં શીખવું જોઇએ

સુવિચાર

- દૂધમાં જ ઘી છૂપાયેલું છે પણ તેને પ્રાપ્ત કરવા માટે દહીં, માખણ, વલોણું, ગરમ કરી તાવણી વગેરે વિવિધ તબક્કાઓ પસાર કરવા પડે છે.. એમ ઇશ્વરના દર્શન માટે પણ શ્રદ્ધા અને ભક્તિની આકરી સાધના કરવી પડે છે - જ્ઞાનસૂત્ર
- ઇશ્વરને નીરખવા માટે જ્યાં છીએ ત્યાંથી ઊંચે ઉઠવાની જરૂર છે, ઇશ્વરને અંતરની આંખથી ઓળખવો પડશે.. અંતરની આંખમાં આધ્યાત્મિકતાનો સુરમો આંજવાથી ઇશ્વર ઓળખી શકાય છે - એસ. ભટ્ટાચાર્ય
- તરસ આપે છે તે જળ પણ આપે છે અને ભૂખ દીધી છે તે ભગવાને ભાખરીનો પ્રબંધ કર્યો છે! ભૂખ અને ભાખરી વચ્ચે ભગવાન પણ ક્યાંક રહેલો છે - ભાણદેવ
- ભગવાનમાં ન માનતો માણસ માનવતામાં માને તો ભગવાનને એથી અધિક બીજું શું જોઇએ? - મોરારિ બાપુ
- પૌંછ ના પાઓ તુમ કીસી કે આંસુ, ઔર સુન ન શકો દુખીઓં કી આવાઝ.. તો ક્યાં ફર્ક પડતા હૈ તુમ કુરાન પઢોયા નમાઝ... - નાઝ માંગરોળી
- દુનિયાનો દરેક માણસ અજ્ઞાની છે.. દરેકનું અજ્ઞાન જુદા જુદા વિષયનું છે - વીલ રોજર્સ
- ભક્તિમાં આપણે બળવાન ભક્ત બનીએ છીએ.. અને ગરીબ, નિર્બળ સામે આપણે યમરાજ જેવું વર્તન કરીએ છીએ - ફાધર વાલેસ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

શિષ્ય એવો હોય જે ગુરુના બોધને જ અનુસરે તે શું કરે છે, શા માટે કરે છે એ ન જોવું - કે ન વિચારવું - સંપૂર્ણ સમર્પિત હોય!

એક શિષ્ય ગુરુનો આજ્ઞાંકિત હતો. ગુરુ તેના પર પ્રસન્ન હતા. પહેલાં એ શિષ્યનું ચારિત્ર્ય શિથિલ હતું. પણ હવે સંયમિત થયો હતો. શિષ્ય ગુરુને સદાય પૂછતો - આત્મા-પરમાત્મા કેવી રીતે બંને? એને કયું આવરણ નડે છે? ગુરુ મૌન રહી સ્મિત કરતા.

શિષ્ય જોતા કે ગુરુ એક લોખંડની ડબ્બીનું ખૂબ જતન કરતા, ચિંતા રાખી સાચવતા - પણ શિષ્ય એ અંગે કદી પૂછતો નહીં - કે ગુરુની આ ડબ્બી પ્રત્યેની 'માયા' વિશે પણ કદી પૂછતો નહીં.

ફરી શિષ્યએ પોતાનો જુનો પ્રશ્ન પૂછ્યો - આત્મા પરથી અજ્ઞાનનું આવરણ ક્યારે દૂર થશે?!

ગુરુએ જા પેલી લોખંડની ડબ્બી લઇ આવ - એમાં પારસમણિ છે. શિષ્યને આશ્ચર્ય થયું - પારસમણિ - લોખંડની ડબ્બીમાં કેમ રહે? ડબ્બી લાવી ગુરુ ચરણે મૂકી.

ગુરુએ ડબ્બી ખોલી પારસમણિ પરથી રેશમી વસ્ત્ર દૂર કર્યું, લોખંડની ડબ્બી સોનાની થઇ ગઇ. પ્રકાશ ફેલાયો.

ગુરુએ કહ્યું - આમ આત્મા આડેથી વાસનાનું વસ્ત્ર ખસેડતાં જ લોખંડની ડબ્બી સોનાની થઇ જશે.

Email - sureshchandrabhatt18@gmail.com

બાળ સાહિત્યના દસ્તાવેજી કરણનું પડકારરૂપ સંપાદન

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

માનવને પોતાના વિચારોની અભિવ્યક્તિનું એક આકર્ષણ કાયમ રહ્યું છે તે જુદી જુદી રીતે થતી હોય છે. ક્યારેક તે ચિત્ર સ્વરૂપે હોય કે ક્યારેક સંગીતના સ્વર સ્વરૂપે પણ હોય. પરંતુ આ અભિવ્યક્તિ શબ્દ સ્વરૂપે આવે ત્યારે તેની નીચે લખાયેલું પોતાનું નામ વાચીને જે આનંદ, ઉત્સાહ અને ગર્વની લાગણી થાય છે તે અવર્ણનીય હોય છે.

સાહિત્યના જુદા જુદા સ્વરૂપોની અભિવ્યક્તિ હવે ફક્ત કાગળ પર લખાયેલ કે છપાયેલ શબ્દ સ્વરૂપે ન રહેતાં વિજાણું માધ્યમો દ્વારા કાર્ટૂન, એનિમેશન, વોટ્સ અપ, કે ફેસબુક, ટ્વીટર કે વેબસાઇટ પર વિવિધ સ્વરૂપે અનોખા રૂપ રંગ અને પ્રકારોમાં જોવા, સાંભળવામાં કે અનુભવવા મળે છે. દરેક સર્જક માટે તેનું પ્રથમ સર્જન બાળકના જન્મ જેટલું પ્રિય અને કુતૂહલ પ્રેરનારું હોય છે. આવા સર્જનમાં એક તાજગી અનુભવાય છે અને મોટાભાગે સર્જક તેનાં પોતાની જ વાત કોઇ પણ સ્વરૂપ કે પ્રકારમાં કરતો હોય તેવું મોટાભાગે જણાય છે. સર્જનની કારકિર્દીનો એ સીમાસ્તંભ સમાન હોય છે.

હાં, આજે મારે તમને આવા જ એક અનોખા વિષય પર તૈયાર થયેલ પુસ્તકની વાત કરવી છે.

'બાલ સાહિત્યનું મારું પ્રથમ પુસ્તક' વિશે ગુજરાતના જાણીતા સઘળા બાળ સાહિત્યકારોને તેમના ભાવ-પ્રતિભાવ અંગે સંપાદકે નિમંત્રણ પાઠવેલ અને એક પ્રશ્નાવલી મોકલેલ. જેમાંથી પાંત્રીસ જેટલા બાળ સાહિત્યકારોએ પોતાની આત્મકથાત્મક વિગત સાથે પ્રથમ પુસ્તક અંગે લખાણો મોકલ્યાં જેનું સંપાદન પુસ્તક રૂપે અહીં થયું છે. સર્જકની પ્રથમ કૃતિ સર્જકના જીવન - વ્યક્તિત્વ અને તેની પ્રતિભા - વ્યુત્પત્તિ, અભ્યાસ નિષ્ઠા, અને અભિવ્યક્તિની લાક્ષણિકતા તેમજ આ નિમિત્તે વિવિધ સ્વરૂપોનાં પુસ્તકોનું લેખકે પોતે કરેલું અવલોકન અહીં રજૂ થયું છે. ગુજરાતી બાળ સાહિત્યમાં આ પ્રકારનો પ્રથમ પ્રયોગ છે. તેમાંથી પસાર થતાં મોટા ગજાના સર્જકોની પ્રથમ કૃતિ વિશેનું આ અભિવ્યંજન રોમાંચક અને પ્રશસ્ય છે.



તો અહીં સમાવાયેલા સઘળા સાહિત્ય સર્જકોનું સાહિત્ય ક્ષેત્રનું પ્રથમ પદાર્પણ પણ ધ્યાનાકર્ષક લાગે છે. 'સાહિત્ય સર્જકોની પા પા પગલી' શિર્ષકથી બાળ સાહિત્યના ધુરંધર વરિષ્ઠ સાહિત્યકાર યશવંત મહેતાની પ્રસ્તાવના પુસ્તકને એક ખુબ મોટી ગરિમા સાથે પ્રતિષ્ઠા બક્ષે છે. તેમને નોંધ્યું છે કે ગુજરાતી બાળ સાહિત્યનું પ્રથમ 'બાળ મિત્ર' ૧૮૩૧માં પ્રગટ થયું હતું. પણ બાળ સાહિત્ય પ્રત્યે વિદ્વાનોમાં ઓરમાયું વર્તન રહ્યું હોઇ દોઢસો વર્ષમાં આ ક્ષેત્રે વિવેચન નહીંવત થયાનું જણાય છે. બાળ સાહિત્ય સંબંધી પાયાની વિચારણાનાં જૂજ પુસ્તકો ગિજુભાઇ બધેકા, મોહનભાઇ શં. પટેલ જેવાંના મળ્યા છે.

પરંતુ ૧૯૮૦માં બાળ સાહિત્ય સભા અને તે પછી ૧૯૯૪માં બાલ સાહિત્ય અકાદમીની રચના પછી આ પ્રકારના પાયાનાં પુસ્તકો ઠીક ઠીક સંખ્યામાં રચવા લાગ્યા છે. બાળ સાહિત્ય અંગે સારી એવી જાગૃતિ પણ આવી છે. જેના પરિણામે બાળ સાહિત્યના દસ્તાવેજીકરણ સહિત પ્રસંશનીય સંખ્યામાં પુસ્તકો મળવા લાગ્યા છે. અનેક જાણકારો અને અભ્યાસનિષ્ઠો બાળ સાહિત્યના વિવિધ પાસાઓને સમૃદ્ધ કરવામાં પ્રવૃત્ત બન્યા છે.

સને ૨૦૧૦માં ગુજરાતી બાળ સાહિત્યનું સર્વાંગી દર્શન પુસ્તક સાંકળચંદ પટેલ તરફથી મળ્યું હતું. તો પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બાલસૃષ્ટિ સામાયિકે પણ બાળ સાહિત્ય કાર વિશેષાંકો બહાર પાડ્યા હતા. એ જ રીતે ગુજરાત સાહિત્ય અકાદમીનો બાલ-કિશોર સાહિત્યનો દિપોત્સવી અંક પણ પ્રગટ થયેલો. એ બધામાં પ્રગટ થયેલ કૃતિઓ અને લેખકોની સંખ્યાને જોતાં આ સંપાદનમાં ઘણા બધા બાળ સાહિત્યકારોનો સમાવેશ કરવાનો રહી ગયો છે એમ લાગે. તે માટે આ પુસ્તકનો બીજો ભાગ પ્રગટ કરાય અને તેમાં બાકીના સૌને સમાવાય તો દસ્તાવેજીકરણ વધુ આધારભૂત અને ગુજરાતી બાળ સાહિત્યકારોને ન્યાય આપનારું બની રહેશે.

જો કે યશવંતભાઇએ તેમની પ્રસ્તાવનામાં આ મુદ્દા અંગે સાચું જ લખ્યું છે કે આ પ્રકારના પુસ્તક માટે ખાસ્સી જહેમત ઉઠાવવી પડે છે. જેમને લખવા માટે નિમંત્રણ આપવાં હોય એમની યાદી બનાવવી પડે છે. આ યાદી તો વિચાર અને વિવેક પૂર્વકની હોય છે પરંતુ આવું કંઇક બની રહ્યું છે. માટે 'અમને ય સમાવો' એમ કહીને સામે ચાલીને આવનારા પણ ઘણા બધા હોય છે. નિમંત્રણ પછી પણ ઉઘરાણી પત્રોનો સીલસીલો ચાલે છે, નિમંત્રણ પત્રમાં લેખન વિશેના ઇશારા હોય છે અને પ્રશ્નો હોય છે. યોગ્ય વિસ્તારપૂર્વક જવાબ લખવાના હોય, કોઇ અહિં અતિ વિસ્તાર કરે તો કોઇ મશીનગનના ગોળીબાર જેટલી ઝડપ કરે છે. આ રીતે મળેલી સામગ્રીમાં કેટલુંય મઠારવું પડે, કેટલુંય લખનારની સંમતિ લઇ કાપવું પડે તો કેટલુંય નકારવું પડે. સંપાદક આ બધું કરે ત્યારે તેણે અપયશની તૈયારી રાખવી પડે. વહુને વરસાદને અમે સંપરાદકને જશ આપનારા થોડા અને અપજશ આપનારા વધુ હોય છે. આ બધી પરિસ્થિતિ વચ્ચે કિરીટભાઇ દવે એ પાંત્રીસ જેટલી હયાત લખનારાઓની 'બાળ સાહિત્યનું મારું પ્રથમ પુસ્તક' વિશેની જન્મકથા અહીં સમાવી છે. જેમાં ગાંધીનગરના બાળ સાહિત્યકાર ક્ષેત્રે કલમ ચલાવનારા પૈકી નટવર હેડાઉ, ફિલીપ કલાર્ક અને ગિરાબેન ભટ્ટનો સમાવેશ થયો છે. પણ પ્રજ્ઞાબેન પટેલ, પ્રકાશલાલા, હરકૃષ્ણ પાઠક, વસંત લાલ પરમાર (જે હયાત હતા) વિગેરે રહી ગયા છે. અહીં આપણને ઇશ્વર પરમાર, નટવર પટેલ, શ્રદ્ધાબહેન ત્રિવેદી, રક્ષાબેન દવે, યોસેફ મેકવાન, રમેશ ત્રિવેદી, હુંદરાજ બલવાણી, રવિન્દ્ર અંધારિયા, યશવંત મહેતાની કેફિયતોની સાથે સાથ સાંનદાશ્ચર્ય પમાડે તેવા બહેચરભાઇ પટેલના બાલસાહિત્ય અંગે જાણવા મળે છે.

અહીં દરેક સર્જકો પોતાના બાળ સાહિત્યના પ્રથમ પુસ્તકની જન્મકથા નિરૂપી છે. એ પ્રથમ પુસ્તક કઇ રીતે લખાયું તેનો વિષય શો છે. એ પ્રગટ કેવી રીતે થયું, એને શો - કેવો આવકાર મળ્યો, એની કારકિર્દી કેવી રહી વિગેરે વિગેરે દૃષ્ટિકોણથી જે કેફિયતો રજૂ થઇ છે તે આજના બાળસાહિત્યનું ઠીક ઠીક પ્રતિનિધિત્વ કરે છે.

બાળસાહિત્યના દસ્તાવેજીકરણનું આવું પુસ્તક એક પડકારરૂપ છે. જે કિરીટભાઇ કે. દવેએ કર્યું છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. અહીં હું તેમના આ પુસ્તકને હૃદયપૂર્વક આવકારું છું અને તેમને અભિનંદન પાઠવું છું.

બાલ સાહિત્યનું મારું પ્રથમ પુસ્તક
લેખક - સંપાદન - કિરીટ દવે
પ્રકાશક - અવનિકા પ્રકાશન
૪૧૯/એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર,
ચોથે માળ, જીપીઓ પાસે, અમદાવાદ-૧
કિંમત - રૂા. ૧૨૦/-
પ્રથમ આવૃત્તિ - ડિસેમ્બર ૨૦૧૪

નારી દિવસ : Women થી Human બનવાનો સંઘર્ષ

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

એક તરફ હિન્દુ સનાતન ધર્મમાં મનુસ્મૃતિમાં કહેવાયું કે, 'ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ' તો બીજી તરફ યહૂદી પુરુષો પાસે તેમની સવારની પ્રાથનામાં કહેવામાં આવ્યું છે કે, 'Blessed be God... That he did not make me a women' (ભગવાનનો આભાર કે, એણે મને સ્ત્રી ન બનાવ્યો) આમ, આખા વિશ્વભરના ધર્મોમાં ને ધાર્મિક સાહિત્યમાં મોટે ભાગે સ્ત્રીની વિરુદ્ધના, સ્ત્રીને પુરુષ કરતાં હલકી ગણતાં, સ્ત્રીને પુરુષની ગુલામ બનાવતાં મંતવ્યો જ રજૂ કરવામાં આવ્યા ને પરિણામે હજારો વર્ષોથી સ્ત્રીના પગમાં જાતભાતની બેડીઓ દલાતી જ રહી, જેમાંથી સદીઓ સુધી તે બહાર ન આવી શકે. પણ, ૧૫મી સદીથી મેરી દ ગુર્ની, મેરી વાર્ડ જેવી મહિલાઓએ સ્ત્રીઓનાં હક માટે લડવાની શરૂઆત કરી. મા અને પત્ની બનવામાં જ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ગુમાવી બેઠેલી સ્ત્રીને ૧૭મી-૧૮મી સદીમાં ઇંગ્લેન્ડમાં અવાજ ઉઠાવ્યો. જોન સ્ટુઅર્ટ મિલે પહેરીવાર મહિલાઓનાં હક્ક માટે ઇંગ્લેન્ડની સંસદમાં ઘા નાખી. મેરી વોલસ્ટોનક્રાફ્ટનું 'વિન્ડિકેશન ઓફ ધ રાઇટ્સ ઓફ વુમન' પુસ્તક પ્રકાશિત થયું. ૧૮૫૭માં ન્યૂ યોર્કમાં કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલી ૫૦ હજાર સ્ત્રી કામદારોએ કામની શરતો અને કલાકોમાં ફેરફાર કરવાની માંગ સાથે સરઘસ કાઢ્યું. ત્યાર પછી પણ વિદેશના સંખ્યાબંધ પ્રાંતોમાં ને છેવટે ભારતમાં નારીવાદી ચળવળના વાયરા ફૂંકાયા ને ત્યારે સ્ત્રીની પરિસ્થિતિમાં આટલો ફેરફાર આવી શક્યો છે. ૧૮૫૭ના સ્ત્રી કામદારોના સરઘસની યાદમાં ૧૯૧૪થી ૮મી માર્ચે મહિલા દિવલ ઉજવવાની શરૂઆત થઇ, જે આજપર્યંત ચાલુ છે.

આમ જોઇએ તો નારી દિવસની ઉજવણીની શરૂઆતને સો વર્ષ પૂર્ણ થયા. તો નારી દિવસની શતાબ્દી પૂર્ણાહૂતિએ સાહિત્યમાં સ્ત્રીનાં હકોને હાડમારીને, વેદના ને સંવેદનાને કેવી રીતે વાચા આપવામાં આવી છે, તેનો એકદમ ઊડતી નજરે આલેખ મેળવીએ.

● નારીવાદી સાહિત્યમાં ત્રણ સીમાસ્તંભ

જગતના નારીવાદી સાહિત્યના ત્રણ સીમાસ્તંભમાં સૌ પ્રથમ નામ આવે મેરી વોલસ્ટોનક્રાફ્ટનું. ૧૭૯૨માં પહેલવહેલીવાર આ અંગ્રેજી લેખીકાએ 'વિન્ડિકેશન ઓફ ધ રાઇટ્સ ઓફ વુમન' નામના પુસ્તકમા સદીઓથી વેદનામાં સબડતી સ્ત્રીઓનાં પ્રશ્નોનાં વાચા આપી. આ પુસ્તકમાં મેરીએ 'પુરુષને ખુશ કરવો એ જ સ્ત્રીનું પરમ કર્તવ્ય છે' એવી જડ માન્યતા સામે પડકાર ફેંક્યો. વળી, સ્ત્રીઓને પણ પુરુષો જેટલો જ ભણતરનો અધિકાર છે વાત પર ભાર મૂક્યો. ૧૯૨૯માં પ્રગટ થયેલું વર્જિનિયા વુલ્ફના પુસ્તક 'એ રૂમ ઓફ વન્સ ઓન' ને નારીવાદી સાહિત્ય માટેનો બીજો પડાવ ગણી શકાય. (જેનો રંજના હરીશે ગુજરાતીમાં 'પોત્તાનો ઓરડો' નામે અનુવાદ કર્યો છે) તેમાં તેણે સદીઓથી સ્ત્રીઓનાં વૈચારિક સ્વાતંત્ર્ય પર કેવી રીતે તરાપ મારતી રહી ને વાતને વખોડી છે અને સ્ત્રીઓનાં પુરુષ સમોવડા થવાના ઉધામાઓની ઝાટકણી કાઢી. તો ૧૯૪૯માં સિમોન દ બૂવાએ તેના 'ધ સેકન્ડ સેક્સ' પુસ્તકમાં છેક ગ્રીકકાળથી લઇને હજારો વર્ષોના ઇતિહાસમાં સ્ત્રીઓ સાથે કેવા-કેવા અન્યાયો - સિતમો થયા છે તેનો સવિસ્તાર ચિતાર આપ્યો, જેણે નારીવાદી વિચારણાનું ઉત્તમોત્તમ પુસ્તક માનવામાં આવે છે. આ ત્રણ પુસ્તકો સિવાય પણ મેરીથી લઇને આ સુધી નારીવાદને સમર્થન આપતાં સંખ્યાબંધ પુસ્તકો લખાયા છે.

● સ્ત્રી અને સર્જનાત્મક સાહિત્ય

વિદેશોમાં તો સદીઓ સુધી એમ માનવામાં આવતું કે સ્ત્રીઓમાં એટલી બુદ્ધિમતા જ નથી કે તેઓ કોઇ પણ પ્રકારના સર્જનાત્મક સાહિત્યનું સર્જન કરી શકે, તે ત્યાં સુધી કે રુસો જેવા અનેક મહાન તત્ત્વચિંતકો ને પુરુષ મોભીઓએ સ્ત્રીઓ દ્વારા લખાયેલી નવલકથા કે કવિતાઓને ઉતારી પાડી. આવી, પરિસ્થિતિને કારણે જ વિદેશોમાં શરૂઆતનાં ગાળામાં સ્ત્રીઓ દ્વારા લખાતી કૃતિઓને રીતસરની દબાવી દેવામાં આવી. પરિણામે, મેરી એન ઇવાન્સે જયોર્જ એલિયટ જેવું પુરુષ નામ - રાખીને તો બ્રોન્ટે સિસ્ટર્સે પણ પુરુષના નામ રાખી પોતાનાં પુસ્તકો પ્રકાશિત કરવા પડ્યા. તેથી જ વર્જિનિયા વુલ્ફે 'અ રૂમ ઓફ વન્સ ઓન' માં કહેવું પડ્યું કે, સદીઓથી એથેન્સના ગુલામો કરતાં પણ બદ્તર જીવન જીવતી આવેલી સ્ત્રી શેક્સપિયર જેવું જ લખી શકે એ સ્વાભાવિક છે. તેમ એણે પણ કહ્યું કે, 'સ્ત્રીએ લેખક બનવું હોય તો એની પાસે પોતાનો અલાયદો ઓરડો અને પોતાની આગવી મૂડી હોવા ઘટે...' જોકે પછીથી ઇતિહાસના થોથામાંથી સંતાડી દેવાયેલા સ્ત્રીલેખિકાઓને પ્રકાશમાં લાવવામાં આવી ને તેમના દ્વારા લખાતા સાહિત્યને પણ ગૌરવવંતુ સ્થાન આપવામાં આવ્યું.

> આંતરરાષ્ટ્રીય નારી દિવસની ઉજવણી ફક્ત કર્મકાંડ ન બની રહે, એ દૃષ્ટિએ સ્ત્રીની અસ્મિતાને ઉજાગર કરવા માટે સાહિત્ય દ્વારા થયેલી મથામણનો આલેખ રજૂ કરતો એક લેખ 'ગાંધીનગર સમાચાર'ના વાચકોની સેવામાં પ્રસ્તુત કરું છું. ભારતમાં જ સ્ત્રી ઉપેક્ષિત હોય એવું નથી. સ્ત્રીને આજની સ્થિતિ સુધી પહોંચતા ઘણી આકરી કસોટીઓમાંથી પસાર થવું પડ્યું છે. નિર્ભયાકાંડ પછી પણ પુરુષ માનસિકતા ન બદલાતી હોય ત્યાં રાતોરાત સ્ત્રીને માટે પુરુષ સમોવડી બનવું ઘણું અઘરું છે.
>
> - અયના

● વિદેશી સાહિત્યમાં સ્ત્રીની છબિ

સ્ત્રીઓનાં હક બાબતે જાગૃતિ આવ્યા બાદ વિદેશોમાં નવલકથા, વાર્તા આદિ સ્વરૂપોમાં સ્ત્રીઓએ પોતાની વેદનાને વાચા આપવાનું શરૂ કર્યું. સૌ પ્રથમ મેરી વોલ્સ્ટોનક્રાફ્ટે પોતાની બે નવલકથાઓમાં પુરુષપ્રધાન સમાજ સામે પ્રશ્નો ઉઠાવ્યા. મેરી વોલસ્ટોનક્રાફ્ટની દીકરી અને પી.બી.શેલીની બીજી પત્ની એવી મેરી શૈલીએ પણ તેની નવલકથા

'ફ્રેન્કનસ્ટેઇન'માં સમાજમાં સ્ત્રીની જરૂરિયાત વિશે પ્રશ્ને ઉઠાવ્યા. આ નવલકથાનો નાયક સ્ત્રીની મદદ વગર વૈજ્ઞાનિક રીતે અદ્દલ માણસ જેવા દેખાતા એક મોન્સ્ટરનું સર્જન કરે છે. આમ, સ્ત્રી વગર પણ માનવનું સર્જન થઇ શકે એવું સૂચવતો આ નાયક આડતરરી રીતે સ્ત્રીની જરૂરિયાતનો જ છેદ ઉડાડી દે છે. ત્યારબાદ હેનરિક ઇબ્સનના જગવિખ્યાત નાટક 'ડોલ્સ હાઉસ' એ સ્ત્રીઓની સ્થિતિ બાબતે યુરોપને વિચારતું કરી મૂક્યું. સ્ત્રીને માત્ર 'Women' ગણવા ટેવાયેલો નાટકનો નાયક હેલ્મેર પત્ની નોરાને કહે છે, 'Before all else you are a mother and wife.' તેના જવાબમાં નોરા કહે છે, 'Before all else I am a reasonable human being.' બસ, આ, 'Women' થી 'human' તરીકેની માન્યતા મેળવવા સ્ત્રીના પ્રયત્નો રહ્યા છે. શેલોર્ટ બ્રાન્ટેની 'જેન આયર', જેન ઓસ્ટિનની 'એમા', જીન રીઝની 'વાઇડ સારગાસો સી' એમ અનેક નવલકથાઓને નારીની સમસ્યાને વિવિધ દૃષ્ટિકોણથી રજૂ કરી.

● ભારતીય-ગુજરાતી સાહિત્યમાં નારી

વિદેશમાં જ નહીં, ભારતમાં પણ સ્ત્રીઓની બહુમુખી સમસ્યાને સાહિત્યમાં અનેક રીતે વાચા આપવામાં આવી છે. પુરુષો હંમેશા પરસ્પર બદલો લેવા માટે નારીના દેહનો જ ઉપયોગ કરતાં આવ્યા છે એ વાત અમૃતા પ્રિતમની 'પિંજર' નવલકથા કહે છે. તો મહાશ્વેતાદેવી 'દ્રૌપદી' અને 'સ્તનદાયિની' જેવી વાર્તાઓ દ્વારા હૈયું વીંધી નાખે તેવી વેધકતાથી સ્ત્રીની વેદા અને પુરુષપ્રધાન સમાજ સામે ઝઝૂમવાની સ્ત્રીની તાકાતને રજૂ કરે છે. ગુજરાતીમાં પણ ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર, સુન્દરમ્, જયંત ખત્રી, હિમાંશી શૈલત, ધીરુબહેન પટેલ વગેરે અનેક સાહિત્યકારોએ પોતાની વાર્તાઓમાં સ્ત્રીની દશા-દુર્દશાનું નિરુપણ કર્યું છે. (નારીવાદના ઉદ્ભવ અને ઇતિહાસ વિશે, નારીવાદી સાહિત્યની રૂપરેખા વિશે, ગુજરાતીમાં લખાયેલી નારીવાદી વાર્તાઓ વિશે વિગતવાર પરિચય મેળવવો હોય તો સીધી-સોંસરવી ભાષામાં લખાયેલું શરીફા વીજળીવાળાનું પુસ્તક 'શતરૂપા' વાંચવું રહ્યું.

સ્ત્રીઓનાં આંતરવિશ્વમાં ડોકિયું કરવામાં સ્ત્રીઓ દ્વારા લખાયેલી આત્મકથાઓએ પણ મહત્ત્વનો ભોગ ભજવ્યો છે. વિદેશી સાહિત્યમાં માયા એન્જેલૂની 'આઇ નો વાય ધ કેજ્ડ બર્ડ સિંગ' ગોરાઓના દેશ અમેરિકામાં અશ્વેત સ્ત્રી સાથેની બદવર્તણૂકની વાત આલેખે છે. તો ભારતમાં પ્રભા ખેતાન પોતાની આત્મકથા 'અન્યા સે અનન્યા'માં પોતાની કથની માંડે છે. ખૂબ નાજુક વયે પોતાના જ એક કઝિન દ્વારા બળાત્કારનો ભોગ બનેલાં આ લેખિકા કઇ રીતે ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન બનવા સુધીની મંજિલે પહોંચે છે, તેની વેદનાસભર, પણ ગૌરવમય કથા વર્ણવે છે. જીવન આખું નારીઓનાં અધિકાર માટેની લડતોમાં આગળ પડતો ભાગ ભજવનાર હિન્દી લેખકે રાજેન્દ્ર યાદવ 'વાસ્તવ'માં નારીને કેટલું સન્માન આપતાં તેનો ચિતાર તેમના પત્ની અને જાણીતા હિન્દી લેખિકા મન્નુ ભંડારીની આત્મકથા પરથી મળે છે. આમ, નારીવાદને નામે સમાજમાં શું-શું ચાલી રહ્યું છે તેને ઉજાગર કરવામાં પણ સાહિત્યએ જ મોટો ભાગ ભજવ્યો છે.

નારી દિવસે માત્ર પ્રવચનો યોજવાથી, બે-ચાર મોટી મોટી વાતો કરવાથી જગતની નારીની સમસ્યા કમ નથી થવાની. હજુ આજેય લાખો સ્ત્રીઓએ ઘરની ચાર દિવાલોમાં પુરાવુ પડે છે. આજેય સ્ત્રીઓએ પોતાના બદચલન પતિની ગાળ ને દારૂડિયા પતિનો માર સહેવો પડે છે, આજેય કામ કરતી મહિલાઓને ઘર ને ઓફિસ બંને મોરચે ઝઝૂમવું પડે છે. આજેય પોતાના કંગાળ હાલતમાં જીવતાં માતા-પિતાનું ગુજરાન ચલાવવા માટે સ્ત્રીએ સાસરિયા પાસે ભીખવું પડે છે!

વિચારો, છેલ્લી સદીઓમાં આટઆટલાં પ્રશ્નો ઉઠાવાયા આટઆટલું કહેવાયું, આટઆટલું લખાયું ત્યારે જઇને વિશ્વભરની સ્ત્રીઓની હાલતમાં તસુ જેટલો જ ફરક આવ્યો છે. હજુ ખરી ક્રાંતિ તો બાકી જ છે એમ કહીએ તો ચાલે.

(સંદર્ભ : ગુજરાત ગાર્ડિયન)